# અરુણોદય

મે - ૨૦૨૧

અંક - ૩૫


સંપાદકીય બોર્ડ

- બી.કે. મહતો
- એસ.જે.મહેતા
- એમ.એમ.ઠક્કર




## અનુક્રમણિકા


- आइना
- શાસ્ત્રોનું મહત્વ
- પરસ્પર વિરોધી કહેવતો
- આયુર્વેદ સુત્રો
- પદવી જ્ઞાનનો માપદંડ નથી
- સુખ
- પ્રેરણા
- અમૂલ્ય રતન માટી
- ભારતીય શિક્ષણ પ્રણાલી


ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન "અરૂણોદય" મે - ૨૦૨૧ , અંક-૩૫ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઈપણ લેખ આપવામાં આવશે [illegible] સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી



# आइना




**Ingrodiya Esha Maheshbhai**
Std.-10 , SKV VIDHYALAYA




इस जहान मे आइना ने वो कर दिखाया ,
इंसान को उसका बाहरी स्वरुप दिखाकर बताया |

अक्सर मेरे जहन में एक बात आती है ,
की तुझमे देख महिला खुद को अप्सरा बताती है |

बाहरी स्वरुप देख आज लोग रिश्ते बनाते है ,
फिर धोखा खा कर ये बात सबको बताते है |

मेरे ख्याल से कभी ऐसा ना होता ,
अगर इंसान को चहेरा नहीं , चरित्र दिखाया होता |

सोचा अगर आइना सबका चरित्र दिखाता ,
तो इंसान उसको देखने से भी कतराता |

# શાસ્ત્રોનું મહત્વ



એમ.એ.ગોસ્વામી
માધ્યમિક શિક્ષક

પુસ્તકો ,ગ્રંથો અને શાસ્ત્રો -આ ત્રણેય શબ્દો આમ જોઈએ તો એકસરખા કે એકબીજાના પર્યાય હોય એમ લાગે છે પરંતુ આ ત્રણેયમાં થોડો ભેદ છે.

પુસ્તકો એટલે કોઈપણ લેખક દ્વારા કોઈ વિષય ને સમજાવવા માટે લખાયેલું લખાણ. એમાં આપણા પાઠ્યપુસ્તકો સાહિત્યના પુસ્તકો ,વિવેચન -વગેરે આવી શકે.વિદ્યાર્થી માટેના પુસ્તકો પાઠ્ય પુસ્તકો કહેવાય.જે એક વર્ષ,એક કોર્સ કે કોઈ એક ચોક્કસ વ્યવસાયને ધ્યાનમાં રાખી નક્કી કરવામાં આવે છે.કારકિર્દી બનાવવા માટે આ પુસ્તકો ઉપયોગી બને છે .કેટલાક લોકો પુસ્તક લખીને તો કેટલાક માત્ર પુસ્તક વાંચીને મેળવેલી માહિતીના આધારે પોતાની કારકિર્દી બનાવી રહ્યા છે.હાલ આવી કારકિર્દી જ જીવનનું અંતિમ બની ગયું છે ત્યારે પુસ્તક અંગે કોઈ પણ પ્રકારની ટીકા કરવામાં આવે તો તે પણ અસ્થાને છે

ગ્રંથ એટલે કોઈ એક માહિતીનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ યુક્ત જ્ઞાન. જેમાં યોગ અને આયુર્વેદ તેમજ અધ્યાત્મિકજેવી જીવન માટે મહત્વની બાબતોની માહિતી હોય. અમુક ચોક્કસ વ્યવસાય કે કળાને સમજાવતું માહિતીસભર જ્ઞાન પણ જેમાં સંગ્રહાય તે ગ્રંથ કહેવાય. જેમકે ચરક સંહિતા, અષ્ટાધ્યાયી વગેરે. આમ જોઈએ તો ગ્રંથ એટલે સંશોધિત જ્ઞાન નો સંગ્રહ. ગ્રંથોનું અધ્યયન વ્યક્તિત્વ વિકાસ કરનારું માનવામાં આવે છે.ગ્રંથોના અધ્યયન અને અધ્યાપન કરવા માટે મહત્વની બાબત છે ધૈર્ય. ગ્રંથોના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ધૈર્ય પૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરે તો તેમનું વ્યક્તિત્વ વિકાસ પામે છે ગ્રંથોનું જ્ઞાન અનુભવસિદ્ધ જ્ઞાન હોય છે .હજારો વરસ પછી પણ તે જ્ઞાન લોકોપયોગી સાબિત થાય છે.

શાસ્ત્રો એટલે ઈશ્વર દ્વારા જગતના કલ્યાણ માટે જે જ્ઞાન ઉપલબ્ધ કરાવાયું છે તે જ્ઞાન નો સંગ્રહ

शासनात् इति शास्त्रम । જે જ્ઞાન આપણા મન અને બુદ્ધિને અનુશાસિત કરીને, પતનથી બચાવીને જીવનમાં ઉન્નતિ તરફ લઈ જાય અને છેવટે મુક્તિ અપાવે તેવા પવિત્ર જ્ઞાનગ્રંથોને શાસ્ત્ર કહેવામા આવે છે .શાસ્ત્રોમાં ઈશ્વર દ્વારા અપાયેલું અને ઋષિઓ દ્વારા સચવાયેલું અનુભવ જન્ય જ્ઞાન હોય છે. જેમાં આપણા પવિત્ર વેદો, ઉપનિષદો, પુરાણો ,રામાયણ અને ભગવદ ગીતા ઉપરાંત વશિષ્ઠ , ભૃગુ અને વેદ વ્યાસજી જેવા મહર્ષિ દ્વારા જે જ્ઞાન ગ્રંથો રચાયા તે બધા શાસ્ત્રો કહેવાય. શાસ્ત્રોનું જ્ઞાન જગતનાં રક્ષણ , પોષણ અને કલ્યાણ માટે હોય છે.આથી શાસ્ત્રો આદર પામ્યા અને પુજનીય પણ બન્યાં.જીવનના સનાતન સત્યો આપણા પવિત્ર વેદો ,ઉપનિષદો ,પુરાણોમાંથી જ આપણને પ્રાપ્ત થાય છે. આપણા પવિત્ર શાસ્ત્રોનો આદર પૂર્વક અભ્યાસ કરતા ખબર પડશે કે તે આપણાં જીવનમાં ઉન્નતિ અને કલ્યાણ માટે નિમિત્ત બની જાય તેવુ જ્ઞાન જો ક્યાંયથી પ્રાપ્ત થઈ શકે તેમ હોય તો તે આપણાં શાસ્ત્રો જ છે.

આમ પુસ્તકો ઉપયોગી છે કારકિર્દી ઘડવા.

ગ્રંથો રચાયા છે બુધ્ધિ ઘડવા

શાસ્ત્રો તો છે જીવન ઘડવા...

તો આવો આપણા પવિત્ર શાસ્ત્રોનો આદર કરીને આપણા જીવનમાં તેના આદર્શો કેળવીને જીવનને સફળ બનાવવા સંકલ્પ કરીએ...



# પરસ્પર વિરોધી કહેવતો

એ.આર.ડાભી
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

લોકસાહિત્યમાં કહેવતોનું અમૂલ્ય પ્રદાન રહેલું છે. જીવનવ્યવહારમાં લોકો પોતાની વાત સમજાવવા માટે કહેવતોનો ઉપયોગ ઘણી વખત કરે છે. કહેવત એ જીવંત ભાષા છે. જેનો ઉપયોગ ઘરમાં, સમાજમાંઅને સાહિત્યમાં વારંવાર થતો હોય છે. કહેવતો એ તો ગુજરાતી ભાષાનો વૈભવ છે.

યોગ્ય સમયે યોગ્ય કહેવતનો ઉપયોગ થવો ખૂબ જરૂરી છે. સમય, સંજોગ અને પરિસ્થિતિ અનુસાર કહેવતનો ઉપયોગ થાય તો સોનામાં સુગંધ ભળે. અત્રે કેટલીક વિરોધી કહેવત આપવાનો પ્રયાસ કરેલો છે.

પરસ્પર વિરોધી કહેવતો :

- ❖ બોલે તેના બોર વેચાય. : ના બોલ્યામાં નવ ગુણ.
- ❖ પંચ બોલે તે પરમેશ્વર. : ગામને મોઢે ગળણું ના બંધાય.
- ❖ આશા અમર છે. : પારકી આશ સદા નિરાશ.
- ❖ પારકે ભાણે મોટો લાડવો. : સીદીભાઈને સીંદડાં વ્હાલાં.
- ❖ દયા ધર્મનું મૂળ છે. : દયાની માને ડાકણ ખાય.
- ❖ બાપ એવા બેટા, વડ તેવા ટેટા. : દીવા નીચે અંધારું.
- ❖ દુઃખનું ઓસડ દહાડા. : દુઃખ અને દુશ્મન ઊગતાં ડામવાં.
- ❖ માંગ્યા વિના મા પણ ન પીરસે. : માગ્યા કરતા મરવું ભલું.
- ❖ સગા બાપનોય વિશ્વાસ નહીં. : વિશ્વાસ વિના વહાણ ના ચાલે.
- ❖ બુદ્ધિ આગળ બળ પાણી ભરે. : બળિયાના બે ભાગ.
- ❖ ઘરડા વીના ગાડાં ના વળે. : સાઠે બુદ્ધિ નાઠી.
- ❖ વસુ વિનાનો નર પશુ. : પૈસાને તો કૂતરાય ના સૂંઘે.
- ❖ ઝાઝાં મળ્યાં ને ખાવા ટળ્યાં. : ઝાઝા હાથ રળિયામણા.

# આયુર્વેદ સુત્રો

(જિલ્લા આયુર્વેદ શાખા)



એમ.એમ. ઠક્કર
માધ્યમિક શિક્ષક

| | |
|---|---|
| આપણો સર્વોત્તમ આહાર → | દૂધ |
| દેવું કરીને ખાવા જેવું → | ઘી |
| બળપ્રદ આહાર → | માખણ |
| સર્વ સુલભ અમૃત → | છાસ |
| વીસરાયેલો આહાર → | મધ |
| ઘરઘર નો આહાર → | ઘઉં |
| પરમ પાચન થતો આહાર → | ચોખા |
| માનવીનો મંગળ આહાર → | મગ |
| સૌને પ્રિય આહાર → | ફળ |
| દેવોનેય દુર્લભ ફળ → | દાળમ |
| વૃધ્ધોને યુવાન બનાવનાર → | હરડે |
| લાખોના લાડીલા → | લીંબુ |
| ઉનાળાનો અમૃત → | કેરી |
| સૌનો માનીતો → | સુકો મેવો |
| શ્રેષ્ઠ કંદશાક → | સુરણ |
| પ્રચાલિત કરવા જેવુ પવ્યશાક → | પરવર |
| માગશરમાં માનીતા → | મૂળા |
| શિયાળામાં શ્રેષ્ઠ → | રીંગણા |
| ચોમાસામાં શ્રેષ્ઠ → | કારેલા |
| અપ્રિય છતાં ઉત્તમ ગુણવાળુ → | લસણ |
| પાચન કરે તેવું → | આદુ |



# પદવી જ્ઞાનનો માપદંડ નથી



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

વર્તમાન સમયામાં શિક્ષણ પ્રત્યેની જાગરૂકતાને લીધે વધુ ને વધુ ડિગ્રીઓ પ્રાપ્ત કરવાની જાણે હોડ લાગી છે. નામની તખતી સાથે જેટલી વધુ ડિગ્રી એટલો તે વ્યક્તિ વધુ જ્ઞાની એવું લોકો સમજતા હોય છે. ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું એ શ્રેષ્ઠ વાત છે. પણ ફક્ત કાગળ ઉપર મેળવાતી ડિગ્રીઓ , ક્યારેક ગુણવતા કરતાં ' શોભાના ગાઠીયા ' સમાન સાબિત થતી હોય છે. સર્ટીફિકેટની ફાઈલમાં થતા ઉમેરાને જ માણસ કયારેક વધુ પ્રાધાન્ય આપી બેસતો હોય છે.

ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે ફલાણા ફલાણા વ્યક્તિ ' બહુ ભણ્યાં પણ ગણ્યા નહિં ' મતલબ પોપાટીયું શિક્ષણ 100% પણ વ્યવહારુતા 0% .

સમગ્ર સમાજ અને વિશ્વમાં જ્યારે પદવી એ જ્ઞાનનો પર્યાય બનતો જાય છે ત્યારે પ્રશ્ન થાય છે કે આટલું શિક્ષણ વધવા છતાં , ડિગ્રીધારીઓ વધવા છતાં સમાજમાં અરાજકતાઅને અશાંતિ કેમ ?

એકવાર ખેડૂતો દિલ્લી ફરવા ગયા . ગાઈડે એક મોટી યુનિવર્સિટી બતાવી ત્યારે એક ખેડૂત સહજ બોલ્યો , ઓ હો , તો અમને છેતરનારા લોકો અહીંથી બહાર પડે છે એમ ને ?

અર્થાત ફક્ત પદવી કે ડિગ્રી જ જ્ઞાનનો માપદંડ છે એમ માનવું ઉચિત નથી. કારણ...... જુઓ આ દષ્ટાંતો....

*** સ્વામી વિવેકાનંદ પાસે આર્ટસની ડિગ્રી હતી પરંતુ પોતે જ્ઞાનના ભંડાર હોવાથી પ્રસિધ્ધ થયા . વળી તેમના ગુરુ તો નિશાળે જ ગયા નહોતા.

*** ન્યુટન પાસે એવી ખૂબ ઉચ્ચ શકાય તેવી ડિગ્રી ન હોતી પરંતુ પોતાની જિજ્ઞાસાવૃતિ ના લીધે ઘણાં સંશોધનો કર્યા.

*** ડિગ્રી લઈને પણ માણસ કર્તવ્યચ્યૂત તો થતો થતો જ હોય છે . જેમકે , ઘાણીમાં ફરતાં બળદ ને જોઈને વકીલે પૂછયું - આના ગળામાં ઘંટડી કેમ બાંધી છે ? માલિક કહે : તે ફરતો રહે તે ખબર પડે તેથી . વકીલ કહે : તે ઊભો રહીને માથું હલાવે તો ? માલિક કહે : તે બળદ છે વકીલ નહિ.

*** મેડીકલની ડિગ્રી લીધેલ ડોકટર સિમ્પથી (સહાનુભૂતિ) ભૂલી જાય છે અને પોતાના દર્દીને ઘરાક સમજતા થયા છે.

**First class ડિગ્રી મેળવી માણસ First class માણસ જ બનશે તેની કોઈ ગેરંટી નથી.**

એક વખત એક પશુ મેળામાં બે ગધેડા વેચવા માટે તેનો માલિક આવ્યો હતો. પૂછપરછ કરતાં ખબર પડી કે એક ગધેડાની કિંમત રૂ.2000 અને બીજા ગધેડાની કિંમત રૂ. 2100 . ખરીદનારે પૂછયુંકે બંને સરખા દેખાયા છે છતાં બંનેની કિંમત માં ફરક શા માટે ? માલિકે કહયું : જેની કિંમત રૂ. 2100 છે તે ગધેડો રૂ. 100 ની નોટ ગળી ગયો છે.

કહેવાનો મતલબ કોઇ ઉચ્ચ ડિગ્રીનો કાગળ હાથમાં આવી જવાથી માણસની કિંમત એમ વધી જતી નથી. ડિગ્રી કે પદવીનો ઉચિત માર્ગે ઉપયોગ થાયતો જ મેળવેલ ડિગ્રી સાર્થક થઇ ગણાય.

# સુખ



વી.જી. રાઠોડ
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

સુખ મેળવવું એ જીવનનું ધ્યેય છે. સુખ જ દરેકને ગમે છે. પરંતુ સુખ શું છે? 'સુ' એટલે સુંદર અને 'ખ' એટલે ઈન્દ્રિય. આ ઈન્દ્રિયોને સુંદર બનાવો એટલે સુખ આપોઆપ મળશે. તમે તો સુખસ્વરૂપ છો'તો સુખને આમંત્રણન આપો.દુઃખને આત્મબુદ્ધિના પ્રકાશમાં લુપ્ત ન થવા દો તોજ સુખની અનુભૂતિ થશે.


સુખ મેળવવા દરેક મનુષ્ય વલખાં મારે છે. જાતજાતના પ્રયત્નો કરે છે પરંતુ આત્મીય સુખના બદલે વૈભવીય સુખ પાછળ દોટ મૂકી છે. જેનાથી સાચુ સુખ પામવાને બદલે દુખી થાય છે. જો તમે સાચું સુખ ઈચ્છતા હોય તો વિષય ભોગથી સુખ મળશે એ કલ્પના મનમાંથી કાઢી નાખો અને આનંદ સ્વરૂપ ચૈતન્યને ઓળખો. તે જ સાચું સુખ આપશે. ફક્ત પરમ સત્ય ચેતના જ સાચું સુખ આપશે. માટે ભૌતિક સુખને ભૂલી આત્મીય મેળવવા પ્રયત્ન કરો. આત્માની જાગતિ થયા પછી કોઈ પણ બાહ્ય પરિબળો કે ભૌતિક વસ્તુઓની અસર થતી નથી. ત્યારે આત્મા ઉર્ધ્વ ગતિ કરે છે તેને દિવ્ય ચેતનાનો સ્પર્શ થતાં આંતરચેતનાની જાગૃતિ થાય છે ત્યારે સાચા સુખનો અનુભવ થાય છે.

દરેક મનુષ્ય પોતાને શરીર માને છે જેથી તે હમેંશા ભયમાં જીવે છે. પરંતુ હું દેહ છું તેવા અહમને ભૂલી' હુ આત્મા છું.' તેવું સમજી આત્માના અસ્તિત્વને ઓળખે તો મૃત્યુનો ભય રહે તો નથી. આત્મીય સ્થિતિમાં રહી કાર્ય કરો, જીવન નિર્ભય બની જશે અને સદાય સુખ મળશે. સુખ એક દુર્ઘટના છે અને દુંખ એ સ્વભાવ છે તેમ સમજો. બુદ્ધિની નિર્મળતા અને વિવેકનો પ્રકાશ ખીલતા તમારુ આંતરમન મલકી ઊઠશે અને બાહ્ય જીવન પણ સુખમય થઈ જશે. મનુષ્ય દેહાત્મબુદ્ધિમાં પડીને દેહરૂપી કીચડમા ફસાઈને દુંખી થાય છે પરંતુ અસલી અહમની ઓળખ થાય છે ત્યારે સાચી સાધનાની શરૂઆત થાય છે.તે જ અમૃતમાં ડુબાડી દે છે અને સાચા સુખની અનુભૂતિ થાય છે.

માણસ જ્યારે દેહભાનમા રહી જીવતો હોય છે ત્યારે તેનામાં કામ, ક્રોધ, લોભ, મોહ માયા, અહંકાર જેવા વિકારો તેને અંધકારમાં લઈ જાય છે. ત્યારે તમારી અંદર રહેલા સત્ય સંકલ્પ આત્માને જાગૃત કરો, પોતાની શક્તિને ઓળખો  આત્માના પ્રકાશમા વિકારો પલાયન થઈ જશે ત્યારે સાચા સુખનો માર્ગ દેખાશે. સુખ આત્માનું સ્વરૂપ છે.

સંસારમાથી કંઈ પણ મેળવવાની આશા રાખશો તો દુખ જ પામશો હું ઈચ્છું તેમ થઈ જાય તેમ માનનારો સદા દુખી રહે છે. માટે આપણા કર્મો એવા હોવા જોઈએ કે જે બીજાને દુંખ ન આપે સુખની ઈચ્છા, આશા અને ભોગ આ ત્રણે દુંખના કારણ છે.

# પ્રેરણા



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

** જિંદગી જીવવાની બે રીત છે : કાંતો કોઇ એક ખૂણે રડી લેવું અથવા તો વિશ્વના તમામ ખૂણે લડી લેવું.

** દુનિયામાં નોખાની નહી પણ અનોખાની બોલબાલા છે.

** જિંદગી એટલે પાછા ન ફરી શકાય તેવો એકમાર્ગી રસ્તો.

** ' મુઝવણ ' સાથે ' દોડવા ' કરતા ' આત્મ વિશ્વાસ ' સાથે ચાલવું વધારે સારુ .

** ચાલશો તો મંજિલના રસ્તા મળી જશે . વિચારો તો બધી વાતનું કારણ મળી જશે.

** જીવન એટલું પણ મજબુર નથી હોતું. જીગરથી જીવોતો જલસા પડી જશે.

** સફળતા એમા નથી કે કદી ભૂલ જ ન થાય , પરંતુ સફળતા એમા છે કે એકની એક ભૂલ બીજીવાર ના થાય.

** પરિસ્થિતિ જ્યારે વિપરીત હોય ત્યારે પ્રભાવ અને પૈસો નહી પણ સ્વભાવ અને સંબંધ કામ આવે છે.

** ક્યા ટકવું , ક્યાં અટકવું અને ક્યાઅરે છટકવું . આ ત્રણ વસ્તુ આવડી જાય તો જિંદગીમાં ક્યારેય લટકવું ન પડે.

** દરેક વ્યક્તિને રોજ સવારે ભગવાન બે વિકલ્પ આપે છે :

(૧) જાગો અને તમને ગમતાં સપનાં પૂરાં કરો

અથવા.....

(૨) સૂતા રહો અને તમને ગમતાં સપનાં જોતા રહો....

** મોઢા માંથી નીકળી ગયેલા શબ્દો અને હાથ માંથી સરી ગયેલો સમય ક્યારેય પાછો નથી આવતો.

** નીચે પડવું એ કાંઇ હાર નથી , હાર એ છે કે જ્યારે તમે ઉભા થવાની ના પાડો.

** જીવનની ઘણી સમસ્યાઓ દૂર કરવાના બે નુસખા : જે વિચારો તે બધુ બોલો નહી , અને જે બોલો તે બધુ વિચારીને બોલો.

** જીવનમાં કોઇ એક તક ગુમાવી દીધી હોય તો – આંસુથી આંખ ભીની ના કરવી , કારણ કે – જો આંખો ચોખ્ખી હશે તોજ આવનારી બીજી તક કોઇ શકાશે.

** પગ લપસવાથી થયેલા ઘા રૂઝાઇ જશે , પણ જીભ લપસવાથી થયેલા ઘા રૂઝાતા બહુ વાર લાગે છે.

** મગજ શાંત હશે , દિલમાં દયાભાવ હશે , બોલી નરમ હશે , આંખોમાં શરમ હશે તો દુનિયા તમારી જ છે.



# અમૂલ્ય રતન માટી



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

વિશ્વમાં કંઇ કેટલાયે લોકોને મન ધન – દોલત , હીરા , ઝવેરાત , બંગલા , ગાડી આ બધી જ વસ્તુ મહત્વની મનાતી હોય છે. પૈસો જ પાવર છે એમ ધનિક વર્ગ માનતો રહેલો છે. વાસ્તવમાં આ બધી ભૌતિક અને મોજશોખની વસ્તુઓની કિંમત ભલે લાખો કરોડોમાં અંકાતી હોય પણ એક એવું અમૂલ્ય રતન કે જેની કિંમત આંકી ન શકાય તે એટલે **માતૃભૂમિની માટી. " ચંદન હૈ ઈસ દેશ કી મિટ્ટી માથે તિલક લગા લે ".**

એક યાદગાર પ્રસંગને વાગોળી એ.......

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ **ડો. રાજેન્દ્ર પ્રસાદ** ખૂબજ પૂજાપાઠી હતાં . એક વખત તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં પૂજા કરતા હતાં . તે દરમ્યાન તેમનો એક વિદેશી મિત્ર તેમને મળવા આવ્યો.

રાષ્ટ્રપતિના સચિવે કારણ જણાવીને રાહ જોવાનું કહ્યું , પણ રાષ્ટ્રપતિના સજજન મિત્રે કહયું કે, મેં નક્કી કરેલા કાર્યક્રમ મુજબ મારે દિલ્લીની બહાર જવાનું છે જેથી મુલાકાત થઇ જાયતો સારૂ રહે. મિત્રે સચિવને કહયું કે , " આપ તેઓને એકવાર પૂછીને તો જુઓ ". ત્યાર બાદ રાજેન્દ્રબાબુએ તેમના મિત્રને પૂજા રૂમમાં બોલાવી લીધા.

પૂજા ઘરમાં માટીનો ઢગલો જોઇને તેમના મિત્રએ આશ્ચર્ય સાથે પૂછયું કે , **" તમેં આટલા વિદ્વાન અને ઉચ્ચશિક્ષત છો તો પણ તમે આ નકામો માટીનો ઢગલો તમારા પૂજાના રૂમમાં રાખેલો છે એનું કારણ શું ?.**


ડો. રાજેન્દ્ર પ્રસાદ એ ગર્વથી એંમના સવાલનો જવાબ આપતા કહયું – **" ઈશ્વર દ્વારા આપવામાં આવેલ અમૂલ્ય ભેટ મારા દેશની પવિત્ર માટી છે.** આપણે માટી માંથી અસંખ્ય ચીજો બનાવી શકીએ પણ એ માટી આપણે નહિ બનાવી શકીએ જેથી એને હુ મારા પૂજારૂમમાં સ્થાન આપુ છું.

પેલા વિદેશી સજ્જન મિત્ર રાજેન્દ્રબાબુના મોઢે માટીની મહત્તા સાંભળી ભાવવિભોર બની જોતા જ રહયાં .

ખરેખર , એક સાચા રાષ્ટ્રભકત માટે પોતાની માતૃભૂમિ સ્વર્ગથી પણ ચડિયાતી છે અને તેમાંય એ પવિત્ર માટીની તો શું વાત જ કરવી ! માથા પર ચડાવીએ તો પણ માટીના ઉપકારો નો આપણે બદલો ન વાળી શકીએ.



# ભારતીય શિક્ષણ પ્રણાલી



એમ.કે. દવે
માધ્યમિક શિક્ષક

શું આપણી પાસે આપણું કંઇ જ નથી ? છે તો ઘણુંય , આપણી ભારતીય શિક્ષણ પ્રણાલી પ્રાચીનકાળથી જગ વિખ્યાત પુરુષોનું પ્રદાન કરતી આવી છે. એમાંથી આપણે કંઇ જ લેવા જેવું નથી ? પ્રશ્ન એ થાય કે પ્રાચીન ભારતીય પ્રણાલીનું ચોક્કસ સ્વરૂપ કયું ? એના પર કોઇ એક વાદની છાપ નથી , કોઇ એક જ ઋષિના નામ સાથે એ સંકળાયેલ નથી . એના પર અનેક ગ્રંથો લખાયા. જે કંઇ જાણવા મળે છે એ સ્મૃતિઓ , ઉપનિષદો , પ્રાચીન વિદ્યાધામોના વર્ણનો , ગુરુ – શિષ્યના સંબંધો દર્શાવતાં કથાનકો ઉપરથી જ જાણવા મળે છે , પણ એના ઉપરથી આપણને એ પ્રણાલીનો સારો ખ્યાલ આવે છે. કદાચ એમ હશે કે શિક્ષણ સંબંધી ચર્ચા કરવા કરતાં સારું શિક્ષણ આપવામાં જ પ્રાચીન આર્યોને વધુ શ્રધ્ધા હશે.

ભારતીય શિક્ષણની પ્રણાલી તપોવનની પ્રણાલી હતી. એમાં સમાનતાને પ્રાધાન્ય હતું . કૃષ્ણ જેવા રાજકુમાર અને સુદામા જેવા અકિંચન બ્રહ્મકુમારને ઋષિના આશ્રમમાં કોઇ પણ જાતના ભેદભાવ વગર શિક્ષણ અપાતું એ પ્રણાલીમાં વિધાર્થી પાસે નમ્રતાની આશા રાખવામાં આવતી , शिष्यस्तेऽहं साधि मां त्वां प्रपन्न | એમ નમ્ર બનવું પડતું . સાદાઇ , સંયમ , વિવેક, બ્રહ્મચર્ય , ચારિત્ર્ય અને સંસ્કાર ઉપર ખાસ ધ્યાન અપાતું . ભારતીય પ્રણાલીમાં ગુરુનું સ્થાન મહત્વનું હતું. ગુરુ પર શ્રધ્ધા અને પ્રેમ તથા ગુરુની સેવા એટલી શિષ્યની આવશ્યક ફરજો હતી.

આજની બધી પ્રણાલીઓમાં શિક્ષક પર જ વધારે જવાબદારી રહેલી છે. ભારતીય પ્રણાલીની આ એક જ વિશિષ્ટતા આજના યુગ માટે મહત્વની છે. ગુરુઅને શિષ્યનાં મીઠાં સંબંધો , બંનેના હૃદયની એકતા , ગુરુની શિષ્ય પર અપાર પ્રીતિ અને શિષ્યનો ગુરુ પ્રત્યે અનન્ય પૂજ્યભાવ તથા બંનેના હૃદયને સાંકળી લેનારી પ્રેમની કડી . જ્યાં સુધી હૃદયમાંથી પ્રેમનો ઉમળકો ન આવે ત્યાં સુધી તેના (શિક્ષકના) શિક્ષણમાં કસ પણ શો આવે ? પણ પ્રેમનો એ અખૂટ ઝરો વહેતો ક્યારે થાય ? એના (વિધાર્થીના) હૃદયના દ્વાર બુધ્ધિથી ખોલીને . तद्विध्दि प्रणिपातेन परिप्रश्नेन सेवाय | પ્રણિપાત , પરિપ્રશ્ન અને સેવા વડે જ ગુરુ પાસેથી વિધા મળે.

શિક્ષણ અને શિક્ષકની શક્તિ માટેનો એક જાણીતો પ્રસંગ ટાંકવા જેવો છ.

ઇ.સ. ૧૯૪૫માં જ્યારે અમેરિકાએ જાપાનના મુખ્ય બે શહેરો હિરોશીમા અને નાગાસાકી ઉપર અણબોમ્બ ઝીંક્યા અને જે ખુવારી થઇ તેનાથી પ્રભાવિત થઇ ત્યાંના તત્કાલિન પ્રમુખે સંસદની એક મિટીંગ બોલાવી પ્રસ્તાવ મૂક્યો કે મને રાત્રે દૈવી સંદેશા દ્વારા પ્રેરણા થઇ છે કે દેશની પ્રજાનું કલ્યાણ કરવું હોય તો શિક્ષિત સમાજનું નિર્માણ કરવું અને પ્રજાને ઉધોગોમાં પ્રવૃત રાખવી. સાથે તમેણે સભ્યોને એ પણ

જણાવ્યું કે તમારી સૌની આ પ્રસ્તાવમાં અસંમતિ હોય તો હું દેશને ફરીથી યુધ્ધમાં જોતરવા પણ તૈયાર છુ. પરંતુ સર્વ સંમતિથી શિક્ષિણનો માર્ગ અપનાવાયો. ત્યારબાદ ૩૦ વર્ષ જેવા ટૂંકા ગાળામાં જ નાનકડા જાપાને વિશ્વની મહાસત્તાઓમાં અદનું સ્થાન પ્રાપ્ત કર્યું .જાપાનમાં શિક્ષકને માનની દૅષ્ટિથી નિહાળવામાં આવે છે તેનું સાચું કારણ જ ત્યાંની શિક્ષણ પ્રણાલીનું નિર્માણ અને તેના મૂલ્યોને ટકાવી રાખવાનાં સતત પ્રયત્નો જ છે.

આ પ્રસંગ જ શિક્ષણ અને શિક્ષકની શકિત – સામર્થ્યને પુરવાર  કરે છે.

વાત સાચી છે કે ભારતીય પ્રણાલી જેવી હતી તેવી આજે સજીવન નહીં થઇ શકે.  આશ્રમો હવે ફરી મળવાના નથી , પણ આશ્રમનું વાતાવરણ જરૂર સર્જી શકાય , ગુરુનું સન્માનતો ફરીથી સ્થાપિત કરી શકાય. આ બધું ક્યારે શક્ય બને ? જ્યારે શિક્ષક ખરા અર્થમાં શિક્ષક બનવાના પ્રયત્નો કરેશે.

આજના શિક્ષણ અને શિક્ષકથી આપણે બરાબર પરિચિત છીએ. શિક્ષકનું સ્થાન એક પંતુજી – વેદિયા તરીકે જ આંકવામાં આવે છે. આની પાછળનું કારણ પણ આજનો આળસુ, પ્રમાદી અને અણઘડ શિક્ષક જ છે. શિક્ષક પોતાની ફરજ પ્રત્યે જાગૃત બને તો આજે જે આંદોલનો કરવા પડે છે , વિવિધ માગણીઓ કરવી પડે છે , આ બધી સમસ્યાઓનો ઉકેલ આપોઆપ જ આવી જાય.

મિત્રો, આજના  સમયમાં ઘણા સુધારાઓની જરૂર છે , ઘણું પરિવર્તન લાવવાની આવશ્યકતા છે. યુગ બદલાઇ રહ્યો છે , મહદ અંશે પલટાઇ ચૂક્યો છે. પરંતુ આ પરિવર્તન તે અધોગતિ તરફનું પ્રયાણ છે. આજે સમાજને ઉર્ધ્વગતિનું પ્રેરકબળ જોઇએ છે , જે એક વફાદાર, નિષ્ઠાવાન અને રાષ્ટ્રવાદી – દેશભક્ત શિક્ષક દ્વારા જ શક્ય બન્યું છે , બને છે અને આવનારા યુગોમાં બનશે .